# સેકટર-૭માં આવેલ વિરમ દેસાઈનો બંગલો સીલ

ગાંધીનગર, તા.૨૧

કરોડો રૂપીયાની મોંઘીદાટ ગાડીઓ, બે ભવ્ય બંગલા, ત્રણ આલીશાન ફલેટ,૧૧ દુકાનો, સહિત રૂ.૩૦ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતનો માલિક નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈના સેકટર-૭ ખાતે આવેલા બંગલાને સીલ મારી દેવામાં આવ્યું છે. આ બંગલાની બહાર નોટીસ પણ ચીપકાવીને પોલીસ તૈનાત કરી દેવાઈ છે. જયારે નિવૃત મામલતદાર ફરાર હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ ઈ ધરા કેન્દ્ર ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવી નિવૃત થયેલા વિરમ દેસાઈ પાસેથી રૂ.૩૦ કરોડ થી વધુની અપ્રમાણસર મિલકત મળી આવી છે. ત્યારે એસીબી પોલીસે વિરમભાઈની નોકરી વિષયક દસ્તાવેજી માહિતી મેળવી તેમની પત્ની અને તેમના મિલકતના પુરાવા એકઠા કર્યા હતા. ત્યારબાદ એસીબીએ વિરમ દેસાઈ અને અન્ય ૯ વ્યકિત સામે ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં તા.૧ એપ્રિલ થી ૨૦૦૬ થી ૩૧ માર્ચ ૨૦ સુધીના સમય દરમિયાન કુલ રૂ.૫.૪૮ કરોડથી વધુની રકમ વિવિધ બેંકમાં જમા કરાવી હતી. જયારે રૂ.૭.૪૨ કરોડ તેમના પરિવારજનોના નામે સ્થાવર જંગમ મિલકતની ખરીદી પેટે ચુકવ્યા છે. જયારે વિદેશમાં પણ વેપાર ધંધામાં રોકાણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. મામલતદારે સગા-સ્નેહીજનોના નામે જમીન, મિલકતો અને વાહનો વસાવ્યા હોવા અંગે એસીબી એ તે દિશામાં પણ શરુ કરી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# સિવિલમાં બંધ સીટી સ્કેન મશીન કયારે શરુ થશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ માસથી સીટીસ્કેન મશીન ધુળ ખાઈ રહ્યું છે. સીટીસ્કેન મશીનના રૂમમાં પાણી ટપકવાની સમસ્યાને લઈ મશીન બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે પીઆઈયુ વિભાગ દ્વારા આ સમસ્યા દુર કરાશે, ત્યારબાદ જ સીટીસ્કેન મશીન ફરીવાર કાર્યરત થશે. ત્યારે હાલના સમયે સીટીસ્કેન જરુરીયાતવાળા દર્દીઓને ના છુટકે ખાનગી સીટીસ્કેન સેન્ટરમાં જઈને હજ્જારો રૂપીયા ખર્ચ કરવા પડે છે. ત્યારે સિવિલનું સીટીસ્કેન મશીન શોભાના ગાંઠીયા સમાન સાબિત થયું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરોડો રૂપીયાના ખર્ચે સીટીસ્કેન મશીન લાવવામાં આવ્યું છે. સીટીસ્કેન મશીનને પગલે જિલ્લાવાસીઓમાં આનંદનો માહોલ છવાયો હતો. મશીન આવ્યા બાદ એક માસના ૩૦૦ થી વધુ દર્દીઓના સીટીસ્કેન થયા છે. તમામ બાબતોની ઝીણવટપૂર્વક તપાસ મશીન મુકતા સમયે કરી હતી. તેમ છતા સીટીસ્કેન મશીન જે સ્થળે રાખવામાં આવ્યું છે તે સ્થળે પાણી ટપકવાની સમસ્યા શરુ થઈ છે. જેથી સીટીસ્કેન મશીન બગડે નહી તે માટે તંત્ર દ્વારા બંધ કરી દેવાયું છે. પંરતુ પાંચ માસથી આ સમસ્યાનો અંત આવ્યો નથી. પીઆઈયુ વિભાગ પાણી કયાથી અને કેવી રીતે ટપકે છે તે પ્રશ્નનો હલ કયારે શોધશે ? તે પણ એક વિકટ પ્રશ્ન છે. સિવિલમાં પીઆઈયુ વિભાગનું કામ મંથર ગતિએ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૦ માં જાન્યુઆરી થી ઓગસ્ટ સુધીમાં ૧૯૦૦ થી વધુ દર્દીઓના સીટીસ્કેન પાડવામાં આવ્યા છે. ત્યારબાદ મશીન બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સિવિલમાં મશીન હોવા છતા નાનકડી સમસ્યાને લઈ મશીન બંધ રહેવા પામ્યું છે. સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓને સીટીસ્કેન ખાનગી સેન્ટરમાં કરાવવા માટે જવુ પડે છે તેમજ વધુ પૈસા પણ ચુકવવા પડે છે. ત્યારે સિવિલમાં સીટીસ્કેન મશીન તાત્કાલીક ધોરણે શરુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાના મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ આજે સ્થાયી સમિતિ સમક્ષ ડ્રાફ્ટ બજેટ ૨૦૨૧-૨૨નું રજુ કરશે.
- કલોલ નગરપાલિકાની સ્ટ્રીટ લાઈટનુ બિલ ના ભરાતાં યુજીવીસીએલ દ્વારા નોટીસ આપવામાં આવી છે.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલ અને ચીટનીસ રાવને ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની વધારાની કામગીરી સોંપવામાં આવી છે.
- પંચાયતોની ચૂંટણી અંગે બુધવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ જાહેરનામુ પ્રસિદ્ધ થશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- જીએમઈઆરએસના નિયામક અને પી.આઈ.યુ.ના વડાએ આજે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના એક સરખા કેસ નોંધાયા છે.
- શહેરના ૨૦ જેટલા ખાનગી તબીબોનુ આજે વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. શોભનાબેન ગુપ્તાની બદલી જામનગર ખાતે કરવામાં આવી છે.

# બીએસએફ કેમ્પસ ખાતે પેન્શન અદાલતનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર મુખ્યાલય ખાતે ગુજરાત તથા રાજસ્થાનના બીએસએફના નિવૃત સેવા કર્મીઓની તથા સ્વર્ગસ્થ સેવા કર્મીઓના વારસદારોની પેન્શન સંબંધિત સમસ્યાઓ અને ફરિયાદોના નિકાલ માટે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પેન્શન અદાલતના કાર્યક્રમનો શુભારંભ બીએસએફના મહાનિરિક્ષક જી.એસ. મલિક દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યુ હતુ. પેન્શન અદાલતમાં ૬ કાઉન્ટર તૈયાર કરવામાં આવ્યા છે જેના થકી ગુજરાત-રાજસ્થાનના સેવા નિવૃત્ત સીમા સુરક્ષા કર્મીઓ અથવા તેમના આશ્રિતોની પેન્શન સંધિત સમસ્યાઓ-ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. આ સમસ્યાઓ-ફરિયાદોમાં પેન્શન મળવામાં થતી સમસ્યા, પેન્શનની યોગ્ય ગણતરી સંબંધિત ફરિયાદો સહિત વિવિધ શંકાઓ અંગે સમાધાન તથા માર્ગદર્શન ઉપરાંત જરૂરી દસ્તાવેજી કાર્યવાહીની ખામીઓ દૂર કરવાનો સમાવેશ થાય છે. પેન્શન અદાલત માટે એસબીઆઈના પીએડી એમ.એસ. રાવત, સહાયક મેનેજર જયપ્રકાશ ગામ્બતી સહિત બીએસએફના વરિષ્ઠ અધિકારીઓ-પદાધિકારીઓ સામેલ થયા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના અમારા ફ્રેન્ડ ટ્રમ્પ ગયા તો કાઈ ફેર પડતો નથી... તેની જગ્યાએ અમારા ‘કમળ’ની ફ્રેન્ડ ‘કમલા’ આવી છે...!!


## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

Children's University — સત્યમ્ ऋतम् बृहत्

(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧

ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૪૪૫૭૬, વેબસાઈટ - www.cugujarat.ac.in

**જાહેરાત : ૦૨/૨૦૨૧**

**કરાર આધારિત ભરતી માટે વોક-ઇન-ઈન્ટરવ્યૂ**

નીચે જણાવેલ જગ્યા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત કાઉન્સેલર(તપોવન)ની માસિક ફિક્સ પગાર રૂ. ૧૮,૦૦૦/-થી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વૉક-ઈન-ઈન્ટરવ્યૂ માટે નીચે જણાવેલ તારીખ અને સમયે યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧ | કાઉન્સેલર-તપોવન | ૦૧ | ● M.A. મનોવિજ્ઞાન અથવા M.A./M.Sc. હોમસાયન્સ ૫૫% સાથે<br>● મનોવિજ્ઞાન તથા હોમસાયન્સમાં ડિપ્લોમા કોર્સ કરેલને પ્રથમ પસંદગી<br>● ગુજરાતી ભાષા તથા કમ્પ્યુટરની આવડત જરૂરી |

**ઈન્ટરવ્યૂની તારીખ : ૨૩/૧/૨૦૨૧** **ઈન્ટરવ્યૂનો સમય : સવારે ૧૦:૩૦ કલાકે**

**નોંધ :** ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્રક તથા સામાન્ય સૂચનાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ - http://www.cugujarat.ac.in/latest-news-archives પરથી મેળવી શકાશે.

**તારીખ : ૨૦/૧/૨૦૨૧**

ડો. અશોક એન. પ્રજાપતિ
રજિસ્ટ્રાર (I/C)
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર



સત્યમેવ જયતે ગુજરાત સરકાર



# શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા કે રોજગાર

## મહિલાઓનાં હિત માટે પ્રતિબદ્ધ સરકાર

મહિલાઓનું સશક્તિકરણ એ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા

## ગુજરાત સરકાર દ્વારા મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે લેવામાં આવી રહેલા મહત્વપૂર્ણ પગલાં

### શિક્ષણ

**મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ- કન્યા કેળવણીની દિશામાં આગેકદમ**

- વ્હાલી દીકરી યોજનાઃ દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશીયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ. ૧,૦૦,૦૦૦ ની સહાય
- બેટી બચાવો બેટી પઢાવોઃ આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેના પરિણામલક્ષી પગલાં
- કસ્તુરબા ગાંધી વિદ્યાલયઃ રેસિડેન્શિઅલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૧૫૦૦૦ કન્યાઓ માટે વિનામૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત
- મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અન્વયે MBBSમાં અભ્યાસ કરતી ૫૧૧૧ વિદ્યાર્થીનીઓને રૂ. ૧૧૬.૭૧ કરોડની સહાય

### રોજગાર

**સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ**

- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના
  - મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેનો ક્રાંતિકારી નિર્ણય
  - ૧૦ લાખ મહિલાઓને ૦% વ્યાજે રૂ. ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ અપાશે
  - ૧૦ મહિલાઓનું ૧ જૂથ એમ કુલ ૧ લાખ મહિલા જૂથોને આપવામાં આવશે ૧ લાખ રૂપિયાનું ધિરાણ
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાોમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રાખીને ગુજરાત સરકારે મહિલાઓને આપી સમાન તક
- વર્કિંગ વુમન હોસ્ટેલઃ રાજ્યમાં કુલ ૧૫ વર્કિંગ વુમન હોસ્ટેલ કાર્યરતઃ બોટાદ, સુરત અને ભરૂચ જિલ્લામાં હોસ્ટેલનું કામ પ્રગતિમાં

### સશક્તિકરણ

- ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ વિધવા બહેનોને ૧૨૫૦ રૂપિયાની પ્રતિ માસ સહાય
- મહિલાઓનું જીવન ધૂમાડામુક્ત બનાવ્યું -રાજ્યના ૨૫ લાખ ઘરોને ઉજ્જવલા યોજના અંતર્ગત નિઃશુલ્ક રાંધણગેસના કનેક્શન આપવામાં આવ્યાં
- મહિલાઓને દૂર પાણી ભરવા જવાના કામમાંથી મળી રહી છે મુક્તિ, નલ સે જલ યોજના અંતર્ગત ૮૦% ઘરોમાં સીધું પાણી પહોંચાડ્યું
- ગ્રામ્ય મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ મહિલા શક્તિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. રાજ્યના ૨૬ જિલ્લાઓમાં આ કેન્દ્રો કાર્યરત

### મહિલા સુરક્ષા

**ગુજરાતમાં કાયદા ને વ્યવસ્થાનું રાજ, સરકારે જીત્યો મહિલાઓનો વિશ્વાસ**

- ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર
- વન સ્ટોપ સેન્ટરઃ પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪x૭) મળી રહી છે. કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ સેવા
- ચેઈન સ્નેચિંગ પર કડક કાયદો લાવ્યાં, દારૂબંધીને વધુ કડક કરતો કાયદો લાગુ કરાયો
- બળાત્કારીઓને કડકમાં કડક સજા મળે તે માટે કાયદો બનાવ્યો
- પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટરઃ ઘરેલું હિંસા અને અન્ય સમસ્યાઓથી પીડિત અને જરૂરિયાતમંદ મહિલાઓને કાઉન્સેલીંગ માટે ૩૩ જિલ્લાઓમાં ૬૫ સેન્ટર કાર્યરત
- મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગઃ આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઇ રહી છે તાલીમ
- નારી અદાલતઃ ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૨૪૭૭ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે.
- રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરાનું નેટવર્ક.
- એન્ટી સાઈબર બુલિંગ યુનિટની સ્થાપનાથી મહિલાઓને સાયબર બુલિંગથી રાહત

### સ્વાસ્થ્ય અને પોષણ

**સશક્ત મહિલા, સુપોષિત ગુજરાત**

- પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે.
- દૂધ સંજીવની યોજનાઃ છેલ્લા ૪ વર્ષમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૪૩ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ
- ૩૩.૫૦ લાખ ગ્રામ્ય અને ૫ લાખ શહેરી વિસ્તારમાં કુલ ૩૮.૫૦ લાખ શૌચાલયો **નિર્માણ કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર,** જેનો નારી સમ્માન અને નારી સ્વાસ્થ્ય સાથે સીધો નાતો છે



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

**નારી સુરક્ષા, સમ્માન અને મહિલા સશક્તિકરણ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.**

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત